**ગુજરાત રાજય માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શૈક્ષણિક સ્ટાફની ભરતી માટેની પસંદગી સમિતિ,**

**કમિશનરશ્રી, શાળાઓની કચેરી, બ્લોક નં.૯/૧, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.**

**(રજીસ્ટર થયેલી બિન સરકારી અનુદાનિત ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓમાં શિક્ષણ સહાયકની પસંદગી અંગેની જાહેરાત અન્વયે સુચનાઓ)**

ગુજરાત સરકાર શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગરના તા. ૧૧/૦૨/૨૦૧૧ના જાહેરનામાં ક્રમાંક: જીએચ/એસ.એચ/૨/બમશ/ ૧૧૦૯/૧૯૦૬/ગ, તા.03/0૬/૨૦13ના જાહેરનામાં ક્રમાંક: જીએચ/એસ.એચ/૨૫/બમશ/૧૧૦૯/૧૯૦૬/ગ, શિક્ષણ વિભાગના તા.૨૦/૦૯/૨૦૧૯ ના જાહેરનામા ક્રમાંક: જીએચ/એસ.એચ/૮૦/બમશ/૧૧૦૯/૧૯૦૬/ગ તથા શિક્ષણ વિભાગના તા.૧૧/૦૧/૨૦૨૧ ના ઠરાવ ક્રમાંક:મશબ/૧૧૧૬/૧૨/છ તેમજ સરકારશ્રીના સ્થાયી ઠરાવો અને જોગવાઈઓ અન્વયે રાજ્યની રજીસ્ટર્ડ બિન સરકારી **અનુદાનિત ઉચ્ચતર માધ્યમિક** શાળાઓમાં અંદાજે **કુલ-૩૩૮૨ શિક્ષણ સહાયકોની** પસંદગી અંગેની જાહેરાત વર્ષ-૨૦૨૧ અન્વયે મેરીટના ધોરણે ભરવા પાત્ર જગ્યાઓ માટે પસંદગી યાદી તેમજ પ્રતિક્ષાયાદી તૈયાર કરવા માટે ઉલ્લેખ કરેલ શૈક્ષણિક તેમજ વ્યવસાયિક લાયકાત ધરાવતા ઉમેદવાર પાસેથી નિયત નમૂનામાં ઓનલાઈન અરજીઓ માંગવામાં આવે છે. લાયકાત ધરાવતા ઉમેદવારોએ તા.૧૫/૦૧/૨૦૨૧ ના રોજ બપોરે ૧૨.૦૦ કલાક થી તા.૨૪/૦૧/૨૦૨૧ ના રોજ ૧૮.૦૦ કલાક સુધી https://gserc.in/વેબસાઈટ પર મૂકવામાં આવેલ નીચે મુજબની સૂચનાઓ ધ્યાને લઈ ઓનલાઈન અરજી કરવાની રહેશે.

1) <u>શૈક્ષણિક લાયકાત અને વ્યવસાયિક લાયકાત:-</u>

- ➢ બિન સરકારી અનુદાનિત ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓમાં શિક્ષણ સહાયક માટે રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા વર્ષ-૨૦૧૮ના જાહેરનામા અન્વયે જુદાજુદા વિષયો/માધ્યમની TAT પરીક્ષા લેવામાં આવેલ છે. તે પૈકી ઉમેદવારે જે વિષય અને માધ્યમમાં પરીક્ષા પાસ કરેલ હોય તે જ વિષય અને માધ્યમ માટે ઉમેદવારી નોંધાવી શકશે.
- ➢ રજીસ્ટર્ડ બિન સરકારી અનુદાનિત ઉચ્ચત્તર માધ્યમિક શાળામાં શિક્ષણ સહાયકની નિમણુંક માટેની ન્યુનત્તમ લાયકાત શિક્ષણ વિભાગના તા.૧૧/૦૨/૨૦૧૧ના જાહેરનામાં ક્રમાંક: જીએચ/એસ.એચ/૨/બમશ/૧૧૦૯/૧૯૦૬/ગ તથા તેમાં થયેલા વખતો-વખતના સુધારા, શિક્ષણ વિભાગના તા.૧૧/૦૧/૨૦૨૧ ના ઠરાવ ક્રમાંક:મશબ/૧૧૧૬/૧૨/છ તેમજ સરકારશ્રીના સ્થાયી ઠરાવો અને જોગવાઈઓથી નિયત થયા મુજબની હોવી જોઈએ.
- ➢ શિક્ષણ વિભાગના તા.૧૧/૦૨/૨૦૧૧ના જાહેરનામાં ક્રમાંક: જીએચ/એસ.એચ/૨/બમશ/૧૧૦૯/૧૯૦૬/ગ તથા ગુજરાત મુલ્કી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમ-૧૯૬૭માં ઠરાવ્યા પ્રમાણે, કોમ્પ્યુટરના ઉપયોગની પાયાની જાણકારી હોવી જોઇશે. તેમજ આ અંગે સામાન્ય વહીવટ વિભાગના તા.૧૩/૦૮/૨૦૦૮ના ઠરાવ ક્રમાંક: સીઆરઆર/૧૦/૨૦૦૪૭ /૧૨૦૩૨૦/ગ.૫ તથા તા. ૧૮/03/૨૦૧૬ના ઠરાવથી નિયત થયેલ જોગવાઈઓ મુજબ રહેશે.
- ➢ શિક્ષણ વિભાગના તા.૧૧/૦૨/૨૦૧૧ના જાહેરનામાં ક્રમાંક: જીએચ/એસ.એચ/૨/બમશ/૧૧૦૯/૧૯૦૬/ગ, શિક્ષણ વિભાગના તા.૨૩/૦૨/૨૦૧૬ જાહેરનામા ક્રમાંક: જી.એચ./એસ.એચ./૭/બમશ/૧૧૦૯/૧૯૦૬/ગ, શિક્ષણ વિભાગના તા.૧૧/૦૧/૨૦૨૧ના ઠરાવ ક્રમાંક: મશબ/૧૧૧૬/૧૨/છ ની જોગવાઈઓ અનુસાર ઉમેદવારના લાયકાતના પ્રમાણપત્ર મુજબ મેળવેલ ગુણના ૩૦% ભારાંક અને શિક્ષક અભિરૂચિ કસોટી (TAT) માં મેળવેલ ગુણના ૭૦ % ભારાંકના આધારે પસંદગી યાદી તૈયાર કરવામાં આવશે.
- ➢ પસંદગી સમિતિ દ્વારા તૈયાર કરવામાં આવેલ કામચલાઉ ગુણવત્તાયાદી-૧માં જે ઉમેદવારોનો સમાવેશ થશે તેવા ઉમેદવારોએ ગુણપત્રકો/પ્રમાણપત્રોની ચકાસણી કયા જીલ્લામાં કરાવવા ઇચ્છે તેના વિકલ્પ ઓનલાઈન ફોર્મમાં ફરજીયાત દર્શાવવાનો રહેશે અને જે ઉમેદવારોનો ગુણવત્તા યાદી-૧ માં સમાવેશ થશે તેઓને તે અંગેની જાણ SMS થી કરવામાં આવશે ત્યાર બાદ તેઓએ ડોક્યુમેન્ટ વેરીફીકેશનનો લેટર ઓનલાઈન મેળવી, પસંદગી સમિતિ દ્વારા નિશ્ચિત કરવામાં આવેલ સમયગાળામાં ઉમેદવારોએ જિલ્લા કક્ષાએ નિયત થયેલ સ્થળે ડોક્યુમેન્ટ વેરીફીકેશન ફરજીયાત કરાવવાનું રહેશે. <u>(ડોક્યુમેન્ટ વેરીફીકેશન માટે અરજી સાથે જોડવાના આધારોની સૂચિત યાદી https://gserc.in/વેબસાઈટ પર છે.)</u> ડોક્યુમેન્ટ વેરીફીકેશન ન કરાવનાર ઉમેદવારોની ઉમેદવારી આપોઆપ રદ થશે. અને ગુણવત્તા યાદીમાંથી તેવા ઉમેદવારનું નામ કમી કરવામાં આવશે.
- ➢ જીલ્લાના ડોક્યુમેન્ટ વેરીફીકેશન સેન્ટરની યાદી વેબસાઈટ પર મુકેલ છે.
- ➢ હાલ સરકારી અથવા બિન સરકારી અનુદાનિત પ્રાથમિક/માધ્યમિક/ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં સેવા બજાવતા હોય તેવા વિદ્યાસહાયકો/શિક્ષણ સહાયકો આ ભરતીમાં અરજી કરવા માંગતા હોય તો તેવા ઉમેદવારોએ શિક્ષણ વિભાગના ઠરાવક્રમાંક: પીઆરઈ/૧૧૨૦૧૭/સીંગલ ફાઈલ-૬/ક, તા.૨૨/૩/૧૭ની જોગવાઈ મુજબ નિમણુક સત્તાધિકારીનું સદર જાહેરાત બાદનું અત્રેથી સુચવેલ નિયત નમુનામાં જ NOC મેળવ્યા બાદ અરજી કરવાની રહેશે. સુચવ્યા મુજબની NOC

રજુ ન કરનાર ઉમેદવાર સદર ભરતી પ્રક્રિયામાં ઉમેદવારી નોંધાવવાને હક્કદાર રહેશે નહી.(NOC નો નમુનો વેબસાઇટ પર ઉપલબ્ધ છે.)

- તા.૨૨/૩/૧૭ની જોગવાઈ મુજબ NOC રજુ કરી અરજી કરનાર ઉમેદવારો પૈકી જીલ્લા/શાળા પસંદગી માટે ઉપસ્થિત રહેનાર ૩ વર્ષથી ઓછી નોકરી વાળા ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ સહાયક ઉમેદવારે રાજીનામુ મંજુર કર્યાનો હુકમ તથા બોન્ડની રકમ ભર્યાની ચલણની નકલ રજુ કરવાની રહેશે. તે સિવાય અરજી રદ થવાને પાત્ર રહેશે.

2) <u>પગાર ધોરણ:-</u>

- બિન સરકારી અનુદાનિત ઉચ્ચત્તર માધ્યમિક વિભાગના શિક્ષણ સહાયકને પ્રથમ પાંચ વર્ષ સુધી ફીક્સ <u>રૂ.૩૮,૦૯૦/-</u> માસિક વેતન મળવાપાત્ર થશે. પાંચ વર્ષની સંતોષકારક સેવા પૂર્ણ થયા બાદ સરકારશ્રીએ ઠરાવેલ પગાર ધોરણ મળવાપાત્ર થશે.

3) <u>ભરવાપાત્ર જગ્યાઓ:-</u>

- જે તે જિલ્લામાં બિન સરકારી અનુદાનિત ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં જિલ્લાવાર, વિષયવાર અને કેટેગરીવાર ભરવાપાત્ર જગ્યાઓની વિગતો વેબસાઈટ પર દર્શાવવામાં આવેલ છે.
- પ્રસ્તુત જાહેરાતમાં નિર્દેશ કરેલ અંદાજીત ખાલી જગ્યાઓ ફેરફારને આધીન છે. વર્ગ ઘટાડા તથા અન્ય વહીવટી/ આકસ્મિક કારણોસર જગ્યા રદ થતા, તેવી ખાલી જગ્યાઓ પર ઉમેદવારનો કોઈ હક દાવો રહેશે નહીં. પસંદગી સમયે ઉપલબ્ધ ખરેખર ખાલી જગ્યા પર જ પસંદગી પામેલ ઉમેદવારને મેળવેલ ગુણવત્તાક્રમ અનુસાર પસંદગીની તક ઉપલબ્ધ થશે, જેની નોંધ લેવી.
- સદર જાહેરાત સમગ્રતયા કે જાહેરાતમાં દર્શાવેલ પૈકી કોઈપણ ખાલી જગ્યાઓ રદ કરવા અંગેનો ભરતી સમિતિનો નિર્ણય આખરી રહેશે.

4) <u>અરજીપત્રક ઓનલાઇન ભરવા બાબતની અગત્યની સુચનાઓ:-</u>

1. અરજી પત્રક ભરતાં પહેલાં વેબસાઇટ ઉપર મુકવામાં આવેલી જાહેરાત માટેની સુચનાઓનો કાળજીપૂર્વક અભ્યાસ કરવા વિનંતી છે.
2. લાયકાત ધરાવતા ઉમેદવારો ઉચ્ચત્તર માધ્યમિક વિભાગ માટે ઓનલાઇન અરજી તા.૧૫/૦૧/૨૦૨૧ના રોજ બપોરના ૧૨.૦૦ કલાક થી તા.૨૪/૦૧/૨૦૨૧ના ૧૮.૦૦ કલાક સુધી વેબસાઈટ ઉપર ઓનલાઇન અરજી કરી શકશે. ઉમેદવારો અરજી કરવાની છેલ્લી તારીખ સુધી પોતાની અરજીની વિગતો edit કરી શકશે ત્યારબાદ સુધારા વધારા અંગે કોઇ રજુઆત ગ્રાહ્ય રાખવામાં આવશે નહી.
3. ઓનલાઇન અરજી કરવામાં ઉમેદવાર પોતે ભુલ કરશે તો તેવી અરજી ઉપર કોઇ વિચારણા કરવામાં આવશે નહી જેથી સંપર્ણ કાળજીપૂર્વક ઓનલાઇન અરજી કરનારની રહેશે.
4. માત્ર અને માત્ર ઓનલાઈન અરજી જ સ્વીકારવામાં આવશે. ટપાલ કે કુરીયર મારફતે અરજી ફોર્મ સ્વીકારવામાં આવશે નહી અને રદ થયેલા ગણાશે. આ કચેરીને પણ અરજીપત્રકો મોકલવા નહી.
5. ઉમેદવારે અરજીપત્રકમાં પોતાનો મોબાઇલ નંબર અવશ્ય આપવાનો રહેશે આ નંબર પસંદગી પ્રક્રિયા પૂર્ણ ન થાય ત્યાં સુધી બદલવો નહી.જેથી આ ભરતી પ્રક્રિયા અંગેના SMS સરળતાથી મળી શકે તેમજ જરૂરીયાતના સંજોગોમાં સંપર્ક કરી શકાય.
6. બિન અનામત ઉમેદવાર માટે અરજી ફી રૂ.૧૦૦.૦૦ (અંકે રૂપિયા સો પુરા) અને અનામત વર્ગના ઉમેદવારો માટે અરજી ફી રૂ.૫૦.૦૦ (અંકે રૂપિયા પચાસ પુરા) ઉમેદવારે ભરવાના રહેશે. કોઇપણ સંજોગોમાં ભરેલ ફી પરત મળી શકશે નહી.
7. ફોર્મ ભરનાર ઉમેદવારે ભરવાપાત્ર નિયત અરજી ફી ઓનલાઈન-ડેબીટ કાર્ડ/ક્રેડીટ કાર્ડ, નેટ બેન્કીંગ ના માધ્યમથી ભરી શકાશે.
8. ઓનલાઇન અરજી કર્યા પછી કરેલ અરજીની ફાઇનલ પ્રિન્ટ આ વેબસાઇટ ઉપરથી ડાઉનલોડ કરી અરજીની પ્રિન્ટ મેળવી લેવાની રહેશે અને સાચવણી કરી, જરૂર પડેથી રજુ કરવાની રહેશે.
9. આ જાહેરાતનો હેતુ હાલ માત્ર પસંદગી યાદી તેમજ પ્રતિક્ષાયાદી તૈયાર કરવાનો છે. જેથી આ ફોર્મ ભરવાથી નોકરી અંગેનો કોઈ હક્ક પ્રસ્થાપિત થતો નથી.
10. નિયત સમયમર્યાદામાં ગુણપત્રકો/પ્રમાણપત્રોની ચકાસણી અર્થે હાજર ન રહેનાર ઉમેદવારનું નામ પસંદગી યાદીમાંથી રદ કરવામાં આવશે. આ અંગે ઉમેદવાર કોઇપણ પ્રકારનો હક્ક દાવો કરી શકશે નહીં અને આ અંગે કોઈપણ પત્રવ્યવહાર ધ્યાને લેવામાં આવશે નહીં.
11. બિન સરકારી અનુદાનિત ઉચ્ચત્તર માધ્યમિક શાળાના શિક્ષણ સહાયકની ભરતી સંબંધે તમામ સુચનાઓ/ વિગતો વખતો વખત વેબસાઇટ પરથી જોવા મળી શકશે. ઉમેદવારોએ નિયમિત રીતે વેબસાઇટની ચકાસણી કરવાની રહેશે. વેબસાઇટ પર મુકેલ કોઇપણ સુચના/વિગતથી અવગત ન થનાર ઉમેદવારો ભરતીના કોઇપણ તબક્કે સામેલ ન થઈ શકે તો આ અંગે ઉમેદવારની અંગત જવાબદારી રહેશે. આ અંગે કોઇ લેખિત કે મૌખિક રજુઆત ધ્યાને લેવામાં આવશે નહી.
12. **<u>ટ્રાયલ અંગેની સુચનાઓ</u>**
    a. ઉમેદવારે છેલ્લે આપેલ પરીક્ષા એટલે કે જે તે લાયકાતના અંતિમ સેમિસ્ટર/અંતિમ વર્ષમાં નાપાસ/ગેરહાજર હોય તો જ ટ્રાયલ ગણવાપાત્ર થાય. જો લાયકાતના અંતિમ વર્ષ/સેમેસ્ટરમાં નાપાસ/ગેરહાજર ન હોય તો ટ્રાયલ ગણવો નહી. સદર બાબતે આપે યુનિવર્સિટીમાંથી મેળવેલ ટ્રાયલ સર્ટિફિકેટમા દર્શાવેલ ટ્રાયલની

વિગત જુદી પડવાની શક્યતાઓ રહેલ છે પરંતુ આ અંગે આપે યુનિવર્સિટી પાસેથી સુધારેલ ટ્રાયલ સર્ટિફિકેટ લેવાની જરૂરિયાત રહેતી નથી.

b. જો અંતિમ વર્ષ/સેમેસ્ટરમાં નાપાસ હોય/ગેરહાજર હોય અને ઉમેદવારે તમામ વિષયની પરીક્ષા ફરીથી આપેલ હોય તો, ટ્રાયલ ગણવાનો રહેતો નથી. તથા જો અંતિમ વર્ષ/સેમેસ્ટરમાં નાપાસ/ગેરહાજર હોય તો જ્યારે કોઇ વિષયની મુક્તિ લઈ અમુક વિષયની પરીક્ષા ફરીથી આપેલ હોય તો ફરીથી જેટલા વિષયની પરીક્ષા આપેલ હોય તેટલા વિષયના કુલ/મેળવેલ ગુણ ગ્રાન્ડ ટોટલમાં ઉમેરી સરવાળો કરવો અને ગુણ ગણતરી કરવી. જ્યારે કોઇ યુનિવર્સિટીના કિસ્સામાં ગ્રાન્ડ ટોટલની ગણતરીમાં તમામ વર્ષ/સેમેસ્ટરના કુલ/મેળવેલ ગુણ આપેલ હોય અને અંતિમ વર્ષ/સેમેસ્ટર સિવાય ટ્રાયલ હોય તો નાપાસ ગુણની જગ્યાએ પાસના રિપ્લેસ કરવા.

c. જો કોઇ ઉમેદવારે એક કરતાં વધુ પ્રયત્ને પરીક્ષા પાસ કરી હોય અને તેવી પરીક્ષામાં યુનિવર્સિટી દ્વારા આંતરિક મૂલ્યાંકન અને પ્રેક્ટીકલની પરીક્ષા ફરીથી લેવામાં આવતી ન હોય અને પ્રથમ પ્રયત્ન વખતે મેળવેલ આંતરિક મુલ્યાંકન અથવા પ્રાયોગિક પરીક્ષા/પાઠમાં મેળવેલ ગુણને જ ધ્યાને લેવાતા હોય તેવા કિસ્સામાં વધારાના પ્રયત્નો વખતે ગુણાંકન કરતી વખતે આવા મૂલ્યાંકનના ગુણ દર્શાવેલ હોય તો તેને ધ્યાને ન લેતાં ફક્ત વાસ્તવિક પરીક્ષા આપી હોય તેટલાં જ વિષયના કુલ ગુણ અને મેળવેલ અને પ્રથમ વખતે મેળવેલ આંતરિક ગુણાંકન કે પ્રાયોગિક પરીક્ષા/પાઠના ગુણોને ધ્યાને લેવાના રહેશે.

**13. <u>ગુણાંકન દર્શાવવા અંગેની સુચનાઓ</u>**

a. કુલ ગુણ અને મેળવેલ ગુણની ગણતરી બાબતે જુદી જુદી યુનિવર્સિટીઓ અને એક જ યુનિવર્સિટીના જુદા જુદા વર્ષના વિદ્યાર્થીઓના કિસ્સામાં અલગ અલગ પદ્ધતિઓ હોઇ તમામ વિદ્યાર્થીઓના કિસ્સામાં એકસુત્રતા જળવાઇ રહે અને કોઇપણ ઉમેદવારને અન્યાય ન થાય તેવા હેતુથી ભરતી સમિતિએ કુલ ગુણ અને મેળવેલ ગુણ બાબતે નીચે મુજબનો નિર્ણય કરેલ છે.

b. ઉમેદવારોએ ઓનલાઇન અરજી ફોર્મમાં તેઓની માર્કશીટમાં આપેલ કુલ ગુણ અને મેળવેલ ગુણજ દર્શાવવા,જો લાયકાતની માર્કશીટમાં કુલ ગુણ મેળવેલ ગુણ આપેલ ન હોય અને ફક્ત CGPA/CPI/GRADE આપેલ હોય તેવા ઉમેદવારોએ યુનિવર્સિટી/પોતાની કોલેજ પાસેથી પ્રમાણપત્ર મેળવીને જ કુલ ગુણ/મેળવેલ ગુણ દર્શાવવા, અને આ અંગે ડોક્યુમેન્ટ વેરિફિકેશન સમયે યુનિવર્સિટી/પોતાની કોલેજ પાસેથી મેળવેલ પ્રમાણપત્ર રજુ કરવાના રહેશે. ફોર્મ્યુલાની મદદથી કનવર્ટ કરેલ કુલ ગુણ મેળવેલ ગુણ માન્ય રહેશે નહી.

c. શૈક્ષણિક સ્નાતક અને અનુસ્નાતકમાં યુનિવર્સિટી દ્વારા જે પેટર્નમાં ગ્રાન્ડ ટોટલ દર્શાવેલ હોય તે મુજબ જ દર્શાવવું B.Ed.માં Practical સહિતનું ગુણાંકન ધ્યાને લેવું.

d. જો First Year (F.Y.)/Second Year (S.Y.) અન્ય યુનિવર્સિટીમાંથી કરેલ હોય અને Third Year (T.Y.) ની માર્કશીટમાં T.Y. જે યુનિવર્સિટીમાંથી કરેલ હોય તે યુનિવર્સિટીની પેર્ટનમાં F.Y./S.Y. ગ્રાન્ડ ટોટલમાં ગણેલ હોય તો ઉમેદવારે યુનિવર્સિટીની T.Y.ની માર્કશીટની પેર્ટન મુજબ F.Y./S.Y. ના માર્ક્સ ઉમેરવા. જો જે-તે લાયકાતના બધા જ સેમેસ્ટર/વર્ષ એકજ યુનિવર્સીટીમાંથી પાસ કરેલ હોય તો જે-તે યુનિવર્સીટીની પેટન્ટ મુજબના જ ગુણ લખવા.

e. ડીપ્લોમાં (D.Pharm/D.E.) વગેરેમાંથી S.Y. માં સીધા પ્રવેશ મેળવનાર ઉમેદવારોના કિસ્સામાં પણ ઉપરાંત વિગતે યુનિવર્સિટીની પેટર્ન મુજબ F.Y.ના માર્કસ અન્વયે ડીપ્લોમાંના અંતિમ બે સેમેસ્ટરના માર્ક્સ ઉમેરવા.જો યુનિવર્સિટીની પેટર્નમાં T.Y.ની માર્કશીટમાં F.Y.ના માર્ક્સ ગણતરીમાં ન લેવાતા હોય તો આવા માર્ક્સ ઉમેરવા નહી.

14. અરજીપત્રકમાં દર્શાવેલ લાયકાત અંગેના ગુણપત્રકો/પ્રમાણપત્રો/અનામત કેટેગરી અંગે ના લાભ અંગે સક્ષમ સત્તાધિકારીના પ્રમાણપત્ર ચકાસણીના દરેક તબક્કે રજુ કરવાના રહેશે. તેમજ જે તે અનામત કેટેગરી સંબંધે સરકારશ્રીના ધારા-ધોરણો મુજબ નિયત નમુનામાં તથા ઓનલાઇન અરજી કરવાની છેલ્લી તારીખે પ્રમાણપત્રોની અવધિ પુર્ણ ન થયેલ હોય તેવા પ્રમાણપત્રો ગ્રાહ્ય રાખવામાં આવશે. ડોક્યુમેન્ટ વેરીફીકેશન સમયે નિયત નમુનામાં તથા નિયત અવધિ જળવાતી ન હોય તેવા પ્રમાણપત્રો રજુ કરનાર ઉમેદવારોને જે તે અનામત કેટેગરીનો લાભ મળવા પાત્ર રહેશે નહી. જે તે અનામત કેટેગરીના પ્રમાણપત્રો અન્વયે નીચેની વિગતો ધ્યાને લેવાની રહેશે.

a. **જાતિ અંગેનું પ્રમાણપત્ર**

i. ઉમેદવાર દ્વારા ઓનલાઇન અરજીમાં દર્શાવવામાં આવેલ અનામત વર્ગ (અનુ.જાતિ, અનુ. જન જાતિ અને સા.શૈ.પ.વર્ગ) માટે ઉમેદવારે સક્ષમ અધિકારીનું પ્રમાણપત્ર ભરતી પ્રક્રિયાના દરેક તબક્કે રજુ કરવાનું રહેશે. જેમાં કોઇપણ સંજોગોમાં પાછળથી કેટેગરી બદલવાની રજુઆત ગ્રાહ્ય રાખવામાં આવશે નહી.

b. **નોન ક્રિમિલેયર સર્ટીફિકેટ**

i. સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના ઉમેદવારોએ ઉન્નત વર્ગમાં સમાવેશ ન થતો હોવા અંગેનુ (નોન ક્રિમિલેયર સર્ટીફિકેટ) સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગના તા.૦૧/૧૧/૯૫, તા.૦૬/૦૨/૯૬, તથા અન્ય સંબંધિત ઠરાવથી નિયત થયેલ પરિશિષ્ટ-ક / પરિશિષ્ટ-૪ના નમૂનામાં રજુ કરવાનું રહેશે. ઉમેદવારોએ અંગ્રેજીમાં Annexure-A રજુ કરેલ પ્રમાણપત્ર ગ્રાહ્ય રાખવામાં આવશે નહીં.

ii. ઉક્ત વિગતે જાહેરાતની છેલ્લી તારીખે પ્રમાણપત્રની અવધિ જળવાય છે કે કેમ તેની ચકાસણી અર્થે બિન ઉન્નત વર્ગનું(Non creamy layer) પ્રમાણપત્ર માટેના સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના ઠરાવ ક્રમાંક: સશપ/૧૨૨૦૧૫/૪૫૫૨૪૬/અ તા.૧૨/૦૬/૨૦૨૦ ના ઠરાવ અન્વયે......

1) જે ઉમેદવારોએ તા.૦૧/૦૪/૧૬ થી તા.૩૧/03/૧૭ સુધીના સમયગાળામાં ગમે ત્યારે બિન ઉન્નત વર્ગનું(Non creamy layer)પ્રમાણપત્ર મેળવેલ હોય અને તેની ત્રણ વર્ષની અવધિ તા.૩૧/03/૨૦૧૯ના રોજ પુર્ણ થયેલ હોય અને ત્યારબાદ જો ઉમેદવારએ નવેસરથી બિન ઉન્નત વર્ગનું(Non creamy layer) પ્રમાણપત્ર મેળવેલ ન હોય તો તેવા ઉમેદવારોએ આ નાણાકિય વર્ષ-૨૦૨૦-૨૧ પુરતુ નવેસરથી પ્રમાણપત્ર મેળવવાની આવશ્યકતા નથી. આ રીતે તા.૩૧/03/૨૦૧૯ ના રોજ પુર્ણ થયેલ બિન ઉન્નત વર્ગનું(Non creamy layer) આ પ્રમાણપત્રોની અવધિ તા.૩૧/03/૨૦૨૧ સુધી લંબાવવા ઠરાવવામાં આવે છે.

2) તદ્ઉપરાંત જે ઉમેદવારોએ તા.૧/૪/૧૭ થી તા.૩૧/૩/૧૮ સુધીમાં ગમે ત્યારે બિન ઉન્નત વર્ગનું(Non creamy layer)પ્રમાણપત્ર મેળવેલ હોય અને તેની અવધિ તા.૩૧/૩/૨૦૨૦ ના રોજ પુર્ણ થયેલ છે, તે પ્રમાણપત્રો માટેની અવધિમાં પણ વધારો કરી આ અવધિ તા.૩૧/૩/૨૦૨૧ સુધી લંબાવવા ઠરાવવામાં આવે છે.

3) પરંતુ ઉપર અનુક્રમ નંબર 1) અને 2) માં જણાવ્યા મુજબ બિન ઉન્નત વર્ગનું(Non creamy layer) પ્રમાણપત્ર અવધિ (સમયમર્યાદા)નો લાભ લેતાં અગાઉ ઉમેદવારે સંબંધિત ભરતી સંસ્થા અથવા સંબંધિત અભ્યાસક્રમો માટેની પ્રવેશ કમિટી સમક્ષ તેના બિન ઉન્નત વર્ગના દરજ્જા (Non creamy layer status)માં કોઇ ફેરફાર થયેલ નથી અને તેઓ રાજ્ય સરકારના અનામતના હેતુ માટે નક્કી થયેલા પાત્રતાના માપદંડ મુજબ લાયક ઠરે છે, **તે અંગે આ સાથેના પરિશિષ્ટથી નિયત કર્યા મુજબના નમુનામાં સાદા કાગળ પર બાંહેધરી આપવાની રહેશે**.(બાંહેધરી પત્રકનો નમુનો વેબસાઇટ પર મુકેલ છે.)

iii. પરણિત મહિલા ઉમેદવારોએ આવું પ્રમાણપત્ર તેઓની માતા પિતાની આવકના સંદર્ભમાં રજુ કરવાનું રહેશે. જો આવા ઉમેદવારોએ તેમના પતિની આવકના સંદર્ભમાં રજુ કરેલ હશે તો તે માન્ય રાખવામાં આવશે નહી.

c. **આર્થિક રીતે નબળા વર્ગો (EWS) પ્રમાણપત્ર**

i. સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગના તા.૨૩/૦૧/૨૦૧૯ના ઠરાવથી EWS માટે વધારાના ૧૦% અનામતની નીતી લાગુ કરેલ છે જે અન્વયે સામાજિક અને ન્યાય અધિકારિતા વિભાગના તા. ૨૫/૦૧/૨૦૧૯ ઠરાવથી પ્રમાણપત્ર આપવાની નીતી નિશ્રિત થયેલ છે.

ii. EWS (આર્થિક રીતે નબળા વર્ગના ઉમેદવારોએ)સામાજિન્યાય અનેઅધિકારીતા વિભાગના તા. ૧૧/૦૨/૨૦૧૯ તથા તા.૧૩/૦૯/૧૯ના ઠરાવની જોગવાઈ મુજબ પરિશિષ્ટ-ગ માં પ્રમાણપત્ર રજુ કરવાનું રહેશે.

iii. ઉક્ત વિગતે જાહેરાતની છેલ્લી તારીખે પ્રમાણપત્રની અવધી જળવાય છે કે કેમ તેની ચકાસણી અર્થે આર્થિક રીતે નબળા વર્ગો (EWS) માટેના પ્રમાણપત્ર અંગે સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના ઠરાવ ક્રમાંક: ઇડબલ્યુએસ/૧૨૨૦૧૯/૪૫૯03/અ તા.૨૬/૦૬/૨૦૨૦ ના ઠરાવ અન્વયે......

1) તા.૨૫/૦૧/૨૦૧૯ થી તા.૧૨/૦૯/૨૦૧૯ સુધીમાં ઇસ્યુ થયેલ આર્થિક રીતે નબળા વર્ગો (EWS) માટેના પાત્રતા પ્રમાણપત્રોને પણ ઇસ્યુ (Issue) થયા તારીખથી ત્રણ વર્ષ સુધી માન્ય ગણવામાં આવશે.

2) તા.૨૫/૦૧/૨૦૧૯ થી તા.૧૨/૦૯/૨૦૧૯ સુધી ઇસ્યુ (Issue) થયેલ EWS પ્રમાણપત્રની વધારેલ અવધિનો લાભ લેતાં અગાઉ ઉમેદવારે ડોક્યુમેન્ટ વેરિફિકેશન સમયે તેના કુટુંબની આવકમાં વધારો થયેલ નથી અને તેઓ રાજ્ય સરકારના અનામનતા હેતુ માટે નક્કી થયેલા પાત્રતાના માપદંડ મુજબ લાયક ઠરે છે તે અંગે આ સાથેના પરિશિષ્ટથી નિયત કર્યા મુજબના નમુનામાં સાદા કાગળ પર બાંહેધરી આપવાની રહેશે.(બાંહેધરી પત્રકનો નમુનો વેબસાઇટ પર મુકેલ છે.)

3) આ પ્રમાણપત્ર ઇસ્યુ થયા તારીખથી ત્રણ વર્ષના સમયગાળા દરમિયાન અરજદારના કુટુંબની આવકમાં રાજ્ય સરકારે નિર્ધારિત કરેલ આવકમર્યાદા કરતા વધારો થાય તો અરજદારે તે અંગે પ્રમાણપત્ર ઇસ્યુ કરનાર સક્ષમ સત્તાધિકારી સમક્ષ તેની સ્વૈચ્છિક કબુલાત કરવાની રહેશે તથા આવા પ્રમાણપત્રનો અરજદારે ઉપયોગ કરવાનો રહેશે નહીં. જો અરજદાર અથવા તેના વાલી ઇરાદાપુર્વક વિગતો છુપાવશે તો તેઓએ મેળવેલ અનામતનો લાભ રદ કરવાપાત્ર ઠરશે અને તેઓ કાયદેસરની કાર્યવાહીને પાત્ર બનશે.

d. **શારીરિક અશકતતાનું પ્રમાણપત્ર**

i. શારીરિક અશક્ત ઉમેદવારોના કિસ્સામાં સામાન્ય વહીવટી વિભાગના તા.૦૧/૧૨/૦૮ના પરિપત્રથી નિયત થયેલ નમૂનામાં સુપ્રિટેન્ડન્ટ/ સીવીલ સર્જનના પ્રમાણપત્ર/મેડીકલ બોર્ડ દ્વારા અપાયેલ પ્રમાણપત્ર રજુ કરવાનું રહેશે. (૪૦ થી ૧૦૦ ટકા શારીરિક અશક્તતા ધ્યાને લેવાની રહેશે).

e. **માજી સૈનિક અંગેનું પ્રમાણપત્ર**

i. માજી સૈનિક ઉમેદવારોએ જેઓએ જળ, વાયુ અને ભૂમિ આમર્ડફોર્સીસમાં ઓછામાં ઓછા ૦૬ (છ) માસની સેવા કરી હોય તો જ આ અનામત કેટેગરીનો લાભ મળવાપાત્ર થશે. અને તે બદલ માજી સૈનિક તરીકેનું સક્ષમ અધિકારીનું પ્રમાણપત્ર અને ડિસ્ચાર્જ બુકની નકલ રજુ કરવાની રહેશે.

**15. કમ્પ્યુટર જાણકારી અંગેનું પ્રમાણપત્ર**

**a.** કમ્પ્યુટરની લાયકાત અન્વયે જે ઉમેદવારો ધોરણ-૧૦/ધોરણ-૧૨/શૈક્ષણિક અને વ્યાવસાયિક સ્નાતક/અનુસ્નાતક કક્ષાએ કમ્પ્યુટર વિષય તરીકે પાસ કરેલ હોય તેવા તેને કોમ્પ્યૂટરની બેઝીક લાયકાત તરીકે માન્ય ગણાશે. આ અન્વયે સંબંધિત ગુણપત્રકની નકલની ડોક્યુમેન્ટ વેરિફિકેશન સમયે રજુ કરવાનું રહેશે.

**b.** જો ઉક્ત લાયકાતોમાં કોમ્પ્યુટર વિષય તરીકે ન હોય તો, સામાન્ય વહીવટ વિભાગના તા.૧૩/૦૮/૨૦૦૮ના ઠરાવ મુજબ કમ્પ્યુટરની બેઝિક જાણકારી અંગેનુ પ્રમાણપત્ર રજુ કરવાનું રહેશે.

16. ઉમેદવારે ઓનલાઇન અરજીપત્રકમાં ભરેલ વિગતો સમગ્ર ભરતી પ્રક્રિયા માટે આખરી ગણવામાં આવશે અને તેના પુરાવાઓ ભરતી પસંદગી સમિતિ/ખાતા/સંબંધિત શાળા દ્વારા માંગવામાં આવે ત્યારે અસલમાં રજુ કરવાના રહેશે. રજૂ ન કરી શકનાર ઉમેદવારોની નિમણૂંક જે તે તબક્કે રદ કરવામાં આવશે.

17. કોઈ ઉમેદવાર બનાવટી દસ્તાવેજો રજુ કરશે કે દસ્તાવેજો સાથે ચેડાં કરીને રજુ કરવામાં આવશે તો તેમની સામે નિયમોનુસાર કાયદાકીય કાર્યવાહી કરવામાં આવશે અને જરૂર જણાયે ફોજદારી ગુનો પણ દાખલ કરવામાં આવશે.

18. જે ઉમેદવાર ઓનલાઈન અરજી કરતી વખતે ખોટી માહિતી આપશે તેમને ગેરલાયક ઠરાવવામાં આવશે. બિન સરકારી અનુદાનિત ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં શિક્ષણ સહાયક અંગેની ભરતીની અરજી બાબતોમાં ઉમેદવારે શૈક્ષણિક લાયકાત અને માંગેલ તમામ માહિતી સાચી આપવાની રહેશે. જો ઉમેદવારે આપેલ માહિતી ખોટી, અધૂરી અથવા ભુલભરેલી ઠરશે તો ભવિષ્યમાં ભરતી અને સેવાના કોઈ ના કોઈ પણ તબક્કે ગેરલાયક ઠેરવવામાં આવશે અને આ અંગે કોઈપણ પ્રકારની અરજી/રજુઆત સ્વીકારવામાં આવશે નહીં. અને આવા ઉમેદવારને ભવિષ્યમાં પાંચ વર્ષ માટે ઉમેદવારી માટે ગેરલાયક ઠરાવવામાં આવશે.

19. અરજદારે પોતાનું ઈ-મેઈલ આઈ.ડી. અને મોબાઈલ નંબર ફરજીયાત આપવાના રહેશે. અને ભરતી અંગેની પ્રક્રિયાની વખતો-વખતની જાણ અરજદારને એસ.એમ.એસ.થી કરવામાં આવશે. અને આ બાબતે અરજદારે એસ.એમ.એસ.ની ચકાસણી કરવાની રહેશે.

20. અરજદારે જે ફોર્મ ભરેલ છે તેની પ્રિન્ટ લઈ, તેના દરેક પાના પર સહી કરવાની રહેશે. અને જ્યારે જરૂર પડે ત્યારે રજુ કરવાની રહેશે.

21. ગુજરાત રાજ્યમાંથી મેળવેલ S.N.D.T. યુનિવર્સીટીની લાયકાત શિક્ષણ વિભાગના તા.૨૬/૧૧/૧૯ ના ઠરાવની નીચે મુજબની જોગવાઇઓને ધ્યાને લઈ માન્ય ગણવામાં આવશે.

*"શિક્ષણ વિભાગના તા.૦૧/૦૯/૨૦૧૨ના ઠરાવ બાદ ગુજરાત રાજ્યના કાર્યક્ષેત્રમાં સમાવિષ્ટ હોય તેવી તમામ સંસ્થાઓ જે તેના કાર્યક્ષેત્ર હેઠળની ગુજરાતની સરકારી યુનિવર્સિટીઓમાં જોડાણ મેળવી લીધેલ હોય તેવી સંસ્થાઓના રાજ્ય સરકારની યુનિવર્સિટીઓ સાથેના જોડાણ મેળવવાના સમયગાળા પહેલાની S.N.D.T. વિમેન્સ યુનિવર્સિટી, મુંબઇ સંલગ્ન ડિગ્રીને માન્ય ગણવાનું આથી ઠરાવવામાં આવે છે."*

22. યુ.જી.સી માન્ય યુનિવાર્સીટી દ્વારા મેળવેલ ડીગ્રી જ ગ્રાહ્ય રાખવામાં આવશે. તેમજ નીચે મુજબની State Open universities સિવાયની રાજ્ય બહારની યુનિવર્સિટીમાંથી open and distance learning દ્વારા મેળવેલ ડીગ્રી માન્ય રહેશે નહી. ઈન્દીરા ગાંધી નેશનલ ઓપન યુનિવર્સિટીની લાયકાત માન્ય રાખવાની રહેશે.

1. DR. B.R. AMBEDKAR OPEN UNIVERSITY (BRAOU), HYDERABAD, A.P.
2. VARDHMAN MAHAVEER OPEN UNIVERSITY (VMOU), KOTA, RAJASTHAN
3. NALANDA OPEN UNIVERSITY (NOU). PATNA, BIHAR

4. YASHWANTRAO CHAVAN MAHARAHSTRA OPEN UNIVERSITY (YCMOU), NASHIK, MAHARASHTRA
5. MADHYA PRADESH BHOJ OPEN UNIVERSITY (MPBOU), BHOPAL, M.P.
6. DR. BABASAHEB AMBEDKAR OPEN UNIVERSITY (BAOU), AHMEDABAD, GUJARAT
7. KARNATAKA STATE OPEN UNIVERSITY (KSOU), MYSORE, KARNATAKA
8. NETAJI SUBHAS OPEN UNIVERSITY (NSOU), KOLKATA, W.B.
9. U.P. RAJARSHI TANDON OPEN UNIVERSITY (UPRTOU), ALLAHABAD, U.P.
10. TAMIL NADU OPEN UNIVERSITY (TNOU), CHENNAI, TAMIL NADU
11. PT. SUNDERLAL SHARMA OPEN UNIVERSITY (PSSOU), BILASPUR, CHHATTISGARH
12. UTTARANCHAL OPEN UNIVERSITY, HALDWANI, (NAINITAIL), UTTARANCHAL
13. K. K. Handique State University, Guwahati, Assam

23. **રાજ્ય બહારની યુનિવર્સિટી માંથી નિયમિત અભ્યાસક્રમ દ્વારા મેળવેલ લાયકાત ધરાવતા ઉમેદવારો માટે રજુ કરવાના આધારો.**
    a. અન્ય રાજ્યમાં સ્નાતક થયા હોય તો ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડનું સ્થળાંતર પ્રમાણપત્ર(માઈગ્રેશનસર્ટી)ની ઝેરોક્ષ નકલ અથવા તેની ડુપ્લીકેટ નકલ.
    b. અન્ય રાજ્યમાં અનુસ્નાતક થયા હોય તો સ્નાતકનો છેલ્લો અભ્યાસ જે યુનિવર્સીટીમાંથી કરેલ હોય તેનું સ્થળાંતર પ્રમાણપત્રની ઝેરોક્ષ નકલ અથવા તેની ડુપ્લીકેટ નકલ.
    c. અન્ય રાજ્યની કોલેજ અથવા યુનિવર્સીટીનું બોનાફાઈડ પ્રમાણપત્ર.
    d. અભ્યાસ દરમિયાન જ્યાં રહેઠાણ હોય તેનો પુરાવો, હોસ્ટેલમાં રહેઠાણ હોય તો હોસ્ટેલ ફી ભર્યાની પાવતી.
    e. પરીક્ષા જે સ્થળે આપેલ હોય તે સ્થળની હોલ ટીકીટ.
    f. અભ્યાસ કરેલ કોલેજ યુનિવર્સીટી પાસેથી મેળવેલ જોડાણની નકલ અથવા માન્યતાની નકલ.
    g. માન. યુનિવર્સિટીમાંથી સ્નાતક/અનુસ્નાતકની લાયકાત રેગ્યુલર અભ્યાસક્રમ (નિયમિત અભ્યાસક્રમથી મેળવેલ છે. તે અંગે યુનિવર્સિટી રજીસ્ટારનું પ્રમાણપત્ર
    h. ઉપરોક્ત પુરાવા સિવાયનો અન્ય કોઈ પુરાવો હોય તો તે
24. જે ઉમેદવાર રાજય બહારની યુનિર્વસીટીમાંથી નિયમિત અભ્યાસક્રમ દ્વારા મેળવેલ લાયકાતના પ્રમાણપત્ર ધરાવતા હશે તેઓને નિમણુંક આપતા પહેલા અસલ પ્રમાણપત્રોની ખરાઇ જિલ્લા શિક્ષણાધિકારીશ્રીએ નિયમોનુસાર કર્યા પછી જ નિમણુંક માટે પાત્ર ઠરશે. જે લાયકાતના પ્રમાણપત્ર બનાવટી હશે તો નિયમોનુસાર શિક્ષાને પાત્ર ઠરશે.
25. આ જાહેરાતમાં દર્શાવેલ જગ્યાઓ પરની ઉમેદવારોની નિમણૂંક બિનસરકારી અનુદાનિત /સરકારી માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓમાં શિક્ષણ સહાયકોની ભરતીની વર્ષ-૨૦૧૯ અને વર્ષ-૨૦૧૯-૨૦ જાહેરાત અન્વયે જે તે જગ્યાઓ માટે ઉમેદવારોએ નિમણૂંક બાબતે નામદાર હાઈકોર્ટ માં દાખલ કરેલ કેસો તથા નામદાર સુપ્રિમ કોર્ટમાં દાખલ કરવામાં એસ.એલ.પી.૧૪૧૨૪-૧૪૧૨૫/૨૦૧૨ તથા અન્ય પડતર કોર્ટ દાવાઓના આખરી ચુકાદાને આધીન રહેશે.
26. આ સમગ્ર ભરતી પ્રક્રિયા બાબતે ગુજરાત રાજ્ય માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શૈક્ષણિક સ્ટાફ ભરતી પસંદગી સમિતિનો નિર્ણય આખરી ગણાશે.

Sd/-

(પી.ભારથી (આઇ.એ.એસ.))

અધ્યક્ષ

ગુજરાત રાજ્ય માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શૈક્ષણિક સ્ટાફની ભરતી માટેની પસંદગી સમિતિ અને નિયામક, શાળાઓની કચેરી,

ગુ.રા,ગાંધીનગર